એક ડઝન બુધ્ધિમાનો એક કલાકમાં જેટલા જવાબ નથી આપી શકતા, તેટલા સવાલ મૂર્ખ ફક્ત એક મિનિટમાં પૂછી શકે છે - લેનિન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૭ | ૨૭ નવેમ્બર, ૨૦૧૨, મંગળવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર જિલ્લો દૂધ ઉત્પાદનમાં નવમા સ્થાને

## છેલ્લા ત્રણ વર્ષથી દર વર્ષે એક ક્રમ આગળ વધવાની અનોખી સિદ્ધિ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાએ દૂધ ઉત્પાદનમાં રાજ્યમાં નવમુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૨૦૧૧-૧૨માં રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા કરાયેલા સર્વેમાં આ તારણ બહાર આવ્યું છે. આ તારણ પ્રમાણે જિલ્લાએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન દર વર્ષે એક ક્રમાંક આગળ મેળવવાની અનોખી સિદ્ધિ પણ હાંસલ કરી છે.

જિલ્લામાં ૨૦૧૧-૧૨ દરમ્યાન ચાર લાખ એક હજાર વીસ મે. ટન દૂધનું ઉત્પાદન નોંધાયું છે. જે ૨૦૧૦-૧૧માં ૩,૮૧,૪૨૦મે.ટન હતુ. આમ ગત વર્ષ કરતાં ૧૯,૬૦૦ મે.ટન દૂધનું ઉત્પાદન ૨૦૧૧-૧૨ના વર્ષ કરતાં વધ્યુ છે. જો આ વાતને ટકાવારીમાં જોઈએ તો ૫.૧૩ ટકા જેટલું દૂધનું ઉત્પાદન વધવા પામ્યું છે.

આ સર્વે રિપોર્ટમાં જણાવાયા મુજબ દેશી ગાયનું દૂધ ઉત્પાદન ૩૫,૮૬૦ મે.ટન તો શંકર અને અન્ય જાતોની ગાયોના દૂધનું ઉત્પાદન ૧,૫૫,૪૫૦ મે.ટન નોંધાયું છે. દેશી ગાયોનું દૂધ ઉત્પાદન રાજ્યમાં થતા દૈનિક ઉત્પાદનમાં ૬ઠ્ઠા ક્રમે છે. જ્યારે શંકર અને અન્ય ગાયોનું ઉત્પાદન ૧૩મા ક્રમે આવે છે.

ભેંસ સંવર્ગનું દૂધ ઉત્પાદન વર્ષ દરમ્યાન ૨,૦૬,૭૯૦ મે.ટન જેટલું નોંધાયું છે. જ્યારે બકરીના દૂધનું ઉત્પાદન ૨,૯૨૦ મે.ટન નોંધાયું છે.

જિલ્લામાં નોંધાયેલ આ દૂધ ઉત્પાદન રાજ્યમાં થતા દૂધ ઉત્પાદનનો ૪.૦૯ ટકા જેટલો થાય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૦-૧૧માં જિલ્લામાં ૩,૮૧,૪૨૦મે.ટન દૂધ ઉત્પાદન સાથે તે રાજ્યમાં દસમા ક્રમે હતો. જ્યારે ૨૦૦૯-૧૦માં ૩,૫૮,૩૮૦ મે.ટન સાથે તે રાજ્યમાં ૧૧ મા ક્રમે હતો. વર્ષ ૨૦૧૧-૧૨માં ૪.૦૧,૦૨૦૯ મે.ટન સાથે તે રાજ્યમાં નવમા ક્રમે આવ્યો છે.

આ સર્વે રિપોર્ટમાં પશુધનના અન્ય ઉત્પાદનોની વિગતો પણ સમાવવામાં આવી છે. જિલ્લામાં ઈંડાનું ઉત્પાદન ૧૦.૮૫ લાખ થયું છે અને તે રાજ્યમાં ૨૧ મા ક્રમે છે. જ્યારે ઉન ઉત્પાદન ૨૦.૫૯ કિ.ગ્રામ સાથે તે રાજ્યમાં ૧૫મા ક્રમે આવે છે.

જિલ્લામાં થયેલી પશુધન વસ્તી ગણતરી ૧૯૯૭ પ્રમાણે ૫,૮૯,૯૬૫ પશુધન છે. જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૨૧૬૩ કિ.મી. છે. અને પશુધનની વસ્તીની ગીચતા એક કિ.મી.ની ગણીએ તો ૨૭૩ની થાય છે. જે રાજ્યમાં ત્રીજા ક્રમે આવે છે. જો કે જિલ્લામાં પશુધનની વસ્તી ગણતરીની કામગીરી હાલ ચાલુ છે.

દરમ્યાન ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચના સંદર્ભ પ્રમાણે એક વ્યક્તીને તંદુરસ્ત જીવન જીવવા માટે ૨૪૦ ગ્રામ દૈનિક દૂધની જરૂરિયાત છે. જેની સામે હાલ રાજ્યમાં ૪૩૬ ગ્રામ દૂધ ઉત્પાદન વ્યક્તી દીઠ છે. ૨૦૧૦-૧૧માં આ દૂધ ઉત્પાદન ૪૩૫ ગ્રામ જેટલું હતું. આમ માત્ર નજીવો વધારો એક વર્ષમાં થયો છે.

ગાંધીનગર જિલ્લો ચાર તાલુકાનો બનેલો છે અને પશુપાલન ખેતી પછીનો બીજા ક્રમે આવતો વ્યવસાય છે. જિલ્લામાં માણસા અને દહેગામમાં પશુપાલનની પ્રવૃત્તિનો સારો વિકાસ થયેલો છે.



# હવે શંકરભાઈ ચૌધરી વાવથી ચૂંટણી લડશે

## મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ રાધનપુર છોડી વાવ જવા તૈયાર


ગાંધીનગર, તા. ૨૬

ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી હવે રાધનપુરના બદલે વાવ બેઠક પરથી ચૂંટણી જંગ લડવા માટે તૈયાર થઈ ગયા હોવાનું ભાજપના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પહેલા રાધનપુરથી જ ચૂંટણી લડવાનો આગ્રહ શ્રી શંકરભાઈ ચૌધરીએ રાખ્યો હતો. તેઓ હાલ વિધાનસભામાં આજ બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. પરંતુ સીમાંકન બદલાતાં વાવ નવી બેઠક બની છે અને રાધનપુરનો જુનો વિસ્તાર પણ કેટલોક આ બેઠકમાં સમાવવામાં આવ્યો છે.

ગઈકાલે ગાંધીનગરમાં શ્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્યમંત્રીશ્રી

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગર (ઉત્તર) બેઠક માટે કર્મચારી અગ્રણી વિષ્ણુભાઈ પટેલની ભાજપમાં જોરશોરથી ચર્ચાઓ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર(ઉ)ની બેઠક પરના ઉમેદવારની પસંદગીને લઈ પાટનગરમાં તરેહતરેહની વાતો ચાલી રહી છે. સત્તાધારી ભાજપ દ્વારા કર્મચારી સંકલન સમિતિના શ્રી વિષ્ણુભાઈ પટેલ અને પર્વ શહેરી વિકાસ મંત્રીશ્રી આઈ.કે. જાડેજાના નામની આજે દિવસ દરમ્યાન જોરશોરથી ચર્ચાઓ ચાલી હતી.

થઈ રહેલી ચર્ચાઓ મુજબ વિષ્ણુ પટેલે ગઈકાલે ભાજપના કેટલાક આગેવાનો સાથે બંધબારણે ચર્ચાઓ કરી પક્ષ તરફથી લડવાની તૈયારી બતાવી હતી. આ પછી આજે આ વાત કર્મચારી આલમમાં પણ પ્રસરી જવા પામી હતી.

જો કે વિષ્ણુ પટેલનો આ અખબારના સંવાદદાતાએ સંપર્ક કર્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે વાતચીત ચાલે છે પણ કોઈ નિર્ણય કર્યો નથી. તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામુ આપી દીધાની વાતનો પણ ઈન્કાર કર્યો હતો.

બીજી તરફ પક્ષની પ્રદેશ નેતાગીરી દ્વારા પૂર્વ શહેરી વિકાસ મંત્રીશ્રી આઈ.કે. જાડેજાની પણ ગંભીરતાથી વિચારણા હાથ ધરાઈ છે. શ્રી જાડેજાએ ગાંધીનગરમાં રહેતા તેમના સ્નેહીજનોને પણ ચૂંટણી લડવા માટેની તૈયારી કરવાના સંકેતો આપી દીધાની વાત પણ ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર (ઉ.)ની બેઠકને લઈ ભાજપમાં ભારે ભાંજગડ ઉભી થઈ છે. આ નવો રચાયેલો વિસ્તાર છે અને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તાર ધરાવતો વિસ્તાર હોવાથી સત્તાધારી પક્ષ પણ આ બાબતે અત્યંત

● અનુસંધાન પાન-૭ પર




ભાજપનું ચૂંટણી સાહિત્ય - ચૂંટણીની તૈયારીઓ હવે જોરશોરથી આરંભાઈ છે... ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રચાર સાહિત્યની તૈયારીઓને લગભગ આખરી ઓપ અપાયો છે. ટોપી, ફુગ્ગા, મ્હોરા, કટઆઉટ્સ, દર વખતની જેમ તૈયાર કરાયા છે પરંતુ આ વખતે ગુજરાત પરિવર્તન પાર્ટીના ચૂંટણી નિશાન 'બેટ' પર પણ ભાજપનું કમળ અને મોદી અને ફળદુના ફોટા લગાવાયા છે....

# આચારસંહિતા ભંગ માટે ખાસ સોફ્ટવેર ડેવલપ કરાયું

## ગાંધીનગર જિલ્લામાં પ્રયોગાત્મક કામગીરી આ સોફ્ટવેરથી કરાશે : પૂનાથી પાંચ ઈજનેરોની ટીમ ગાંધીનગર આવી પહોંચી

ગાંધીનગર, તા. ૨૬

આદર્શ આચારસંહિતા ભંગની ફરિયાદોના સંક્ષિપ્ત વિવરણ સાથે પેપરલેસ કાર્યવાહી માટે પંચ દ્વારા એક સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે અને આ અંગેની પ્રાયોગિક કામગીરી ગાંધીનગર જિલ્લામાં કરાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પૂનાની એક કંપની દ્વારા આ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. આ કંપનીના પાંચ ઈજનેરોની ટીમ પણ આ કામગીરી માટે આજે ગાંધીનગર આવી પહોંચી છે.

ભારત વર્ષમાં પહેલીવાર વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન પ્રિન્ટ મિડિયા અને ઈલે. મિડિયામાં આચારસંહિતા ભંગને ફરિયાદો મળે છે તે ફરિયાદોને ચકાસવા માટે વાપરવામાં આવેલા શબ્દો અને વાક્યો શોધી તે અંગેનો સંક્ષિપ્ત રિપોર્ટ આ સોફઅટવેરની મદદથી તૈયાર કરવામાં આવશે અને તેનો અહેવાલ જિલ્લા કલેક્ટરશ્રી અને પંચને મોકલવામાં આવશે.

આ સોફ્ટવેર તેનો અહેવાલ ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને હિન્દી ભાષામાં તૈયાર કરશે.

આ સોફ્ટવેર ખાસ આદર્શ આચાર સંહિતાના ભંગ માટે જ તૈયાર કરવામાં આવ્યું છે. આ સોફ્ટવેર આજથી કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કરી દેવામાં આવશે. આ માટેની તૈયારીઓ પણ લગભગ પૂર્ણ થવા આવી છે.

# ગિરનાર પરિક્રમા વેળા હાર્ટ એટેકથી બે શ્રદ્ધાળુના મોત

જૂનાગઢ,તા. ૨૬

ગિરનાર પરિક્રમા માટે અમદાવાદ અને આણંદ જિલ્લામાંથી આવેલા બે શ્રદ્ધાળુઓનું હાર્ટ એટેકથી મોત થતા શ્રદ્ધાળુઓમાં હતાશાનું મોજુ ફરી વળ્યુ હતુ. મળેલી માહિતી મુજબ માળવેલાથી નરપાણીની ઘોડી વચ્ચેના વિસ્તારમાં આ બને શ્રદ્ધાળુઓને હાર્ટ એટેક આવ્યો હતો. જૂનાગઢમાં ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો શનિવારે શુભારંભ થયો હતો. આ પરિક્રમા કરવા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા છે. પરિક્રમા દરમિયાન શ્રદ્ધાળુઓને વન્ય વિસ્તારમાંથી પસાર થવું પડે છે. વચ્ચે ઈટવાની ઘોડી નળપાણીની ઘોડી જેવા ચઢાણ પણ આવે છે. આ ચઢાણ ખુબજ પડકારરૂપ હોય છે. ચઢાણ ઉપર જ અમદાવાદના

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ જિલ્લાની ૪ બેઠકો પર ૫૫ ઉમેદવારો માન્ય રહ્યા

## વિરમગામમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારનું ફોર્મ રદ થઈ ગયું

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાની ચાર બેઠકોની ચૂંટણી યોજાવાની છે. આજે ઉમેદવારી ફોર્મની ચકાસણી દરમિયાન ચારે બેઠકોના મળી કુલ ૫૫ જેટલા ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા હતા. વિરમગામની બેઠક પરથી ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર દશરથભાઈનું ઉમેદવારી ફોર્મ રદ થયું હતુ.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિરમગામની બેઠક પર કુલ ૬ ઉમેદવારીફોર્મ માન્ય રહ્યા છે. એટલે કોંગ્રેસ-ભાજપ વચ્ચે મુકાબલો જામશે. સાણંદની બેઠક પર ૧૫ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા છે. જેમાં ભાજપ-કોંગ્રેસ-જીપીપી અને બીએસપી તથા ૧૧ જેટલા અપક્ષો પણ મેદાનમાં છે. ખરો જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખેલાશે. અપક્ષો ભાજપ-કોંગ્રેસના મતો બગાડશે. ધોળકાની બેઠક પર પણ ૧૫ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે. ભાજપ-કોંગ્રેસના બન્ને ઉમેદવારો ક્ષત્રિય છે. જ્યારે ધંધુકાની બેઠક પર સૌથી વધુ ૧૯ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે. આ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરો જંગ ખેલાશે. ભાજપના ઉમેદવાર કોળી પટેલ જ્ઞાતિના છે. કોળી સમાજમાંથી ઘણા અપક્ષોએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. ધંધુકાની બેઠક પર અપક્ષો પણ રાજકીય પક્ષો માટે નડતરરૂપ બનશે.


LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

વકીલ મિત્રો, શહેરી તેમજ ગ્રામ્યજનોને નવા વર્ષની અંતઃકરણપૂર્વક શુભેચ્છા





દુર્ગેશ એમ. પ્રજાપતિ

એડવોકેટ એન્ડ એસોસીએટ્સ

ગુજરાત હાઈકોર્ટ

ઈટ. આસી. જીલ્લા સરકારી વકીલ અને એડી. પબ્લિક પ્રોસીક્યુટર અમદાવાદ તથા ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ

કોર્ટ : ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ન્યાય મંદિર વકીલ શેડ નં. એ/૯, સેક્ટર-૧૧, ગાંધીનગર

: ઓફીસ :

પ્લોટ નં. ૩૪૭, મેઈન શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૭, ગાંધીનગર

દિપાવલીના દિવસો આપને માટે હંમેશા યાદગાર બની રહે તેવી ઈશ્વરને મારી પ્રાર્થના. દરેક નગરવાસીને શુભ પર્વની શુભકામનાઓ પાઠવું છું.

નૂતન વર્ષાભિનંદન





બી. આર. શર્મા

એડવોકેટ એન્ડ નોટરી

(ભારત સરકાર)

ભૂતપૂર્વ પ્રમુખશ્રી, ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ બાર એસોસીએશન

ભૂતપૂર્વ પ્રમુખ, ગાંધીનગર બાર એસોસીએશન

કન્વીનર, લીગલ સેલ - ગાંધીનગર શહેર ભારતીય જનતા પાર્ટી

પ્રમુખ, ગાંધીનગર ઉત્તર ભારત હિન્દી સમાજ

પ્રમુખ, સુભદ્રાગીરી સેવા સતકર્મ ટ્રસ્ટ, ગાંધીનગર

મો. ૯૯૭૨૩ ૬૨૮૨૯, ૯૪૨૫૦ ૧૦૮૨૯